શો-બાજ

# ઘરે દાદાગીરી કરું તો પત્ની હાથમાં કચરાની થેલી પકડાવી દે, દિવ્યેન્દુ શર્મા



**'પ્યાર કા પંચનામા'ના બિચ્છૂ લિક્વિડથી લઈને 'મિર્ઝાપુર'ના કિંગ-ઈન-વેઈટિંગ મુન્ના ભૈયા સુધી દિવ્યેન્દુ શર્મા જ્યારે પણ સ્ક્રીન પર આવે છે ત્યારે ધમાકો ચોક્કસ થાય છે. સ્ક્રીન પર ભલે એ ડરાવે કે હસાવે, પણ રિયલ લાઈફમાં એ એકદમ 'કૂલ' અને મજેદાર માણસ છે. આવો કરીએ એમની સાથે થોડી મજાક-મસ્તી અને દિલ ખોલીને વાતો!**

### રિયલ લાઈફમાં પણ કોઇએ 'મુન્ના ભૈયા' સમજી લીધો છે?

એકવાર હું એરપોર્ટ પર હતો અને સિક્યોરિટી ચેકિંગ ચાલી રહ્યું હતું. ઓફિસરે મને જોયો, થોડીવાર મારી સામે તાકી રહ્યો અને પછી એકદમ સિરિયસ થઈને બોલ્યો–મુન્ના ભૈયા, બેગમાં કઈ ગન-બન તો નથી ને? મેં તરત જ હાથ ઉપર કરીને કહ્યું ના સાહેબ, હું માત્ર વોટર બોટલ અને થોડી સુકા મેવા જ રાખું છું!

### જો મુન્ના ભૈયાને 5 મિનિટ માટે રિયલ લાઈફમાં ટ્રાફિક જામમાં ફસાવી દેવામાં આવે, તો શું થાય?

(મોટા અવાજે હસતા) અરે ભાઈ! ટ્રાફિક સિગ્નલવાળાએ લાઈવ લોકેશન બદલવું પડે! મુન્ના હોર્ન નહીં વગાડે, એ સીધો પિસ્તોલ બહાર કાઢીને કહેશે, અબે ગાડી હટાઓ, નહીંતર રોડ અને ગાડી બંને અમારું થઈ જશો! પણ સદનસીબે હું દિવ્યેન્દુ છું, એટલે હું શાંતિથી કારમાં મ્યુઝિક સાંભળું છું.

### Mirzapurની દુનિયામાં પાછા ફરવાનું કેવું લાગે છે?

એવું લાગે છે કે તમે જૂના મિત્રો સાથે ફરી મળ્યા હો! Mirzapurની દુનિયા જ અલગ છે. અહીં સંબંધો સીધા નથી હોતા અને પ્રેમ પણ ક્યારેક ખતરનાક બની જાય છે. આ દુનિયામાં પાછા ફરવું એટલે ફરી એકવાર એ જ ઊર્જા, એ જ પાગલપન અને એ જ ઈન્ટેન્સિટી અનુભવવી.

### 'પ્યાર કા પંચનામા' પછી છોકરીઓ તારાથી દૂર ભાગવા લાગી હતી?

દૂર તો નથી ભાગી, પણ હા, જ્યારે પણ હું કોઈ ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડને ઝઘડતા જોઉં ને, ત્યારે છોકરાઓ મારી સામે એવી રીતે જુએ છે જાણે કહેતા હોય ભાઈ, તું સાચું કહેતો હતો, આ પંચનામામાં આપણે બધા ફસાયા છીએ!

### રિયલ લાઈફમાં ઘરમાં તારી સત્તા મુન્ના ભૈયા જેવી ચાલે છે કે પછી 'હા જી, જેવી તમારી મરજી'?

અરે સાહેબ! ઘરમાં જો હું મુન્ના ભૈયા બનવા જાઉં ને, તો પત્ની સીધી કચરાની થેલી હાથમાં પકડાવીને કહેશે કિંગ ઓફ મિર્ઝાપુર, પહેલા આ કચરો બહાર મૂકી આવો! ઘરમાં આપણું પાવર સ્ટેશન ફેલ થઈ જાય છે!

### બોલિવૂડના કોઈ 3 કલાકારો સાથે ગોવા જવાનો મોકો મળે, તો કોને લઈ જશો અને કેમ?

એક તો પંકજ ત્રિપાઠીજી (કાલીન ભૈયા) કારણ કે એ શાંતિથી બેસીને જીવનનું જ્ઞાન આપશે. બીજા ગજરાજ રાવ જેથી ખાવાનું સારું મળે અને ત્રીજા મુન્ના ભૈયા પોતે જેથી ગોવાના કોઈ બીચ પર આપણી પાસેથી કોઈ એન્ટ્રી ફી ના માગે!

### એવો કયો ડાયલોગ છે જે ફેન્સ રસ્તામાં રોકીને સૌથી વધુ બોલવા કહે છે?

એ જ આપણો સદાબહાર અબે બબલુ, તુમ સુનો! અથવા અમર હૈં હમ! ક્યારેક તો શાકભાજીવાળો પણ ટામેટા આપતા આપતા કહે છે મુન્ના ભૈયા, થોડું ડિસ્કાઉન્ટ આપી દો, અમર થઈ જશો!

### ફેન્સને એવું શું કહેવા માંગો છો જે તમે હજુ સુધી કોઈ ઇન્ટરવ્યુમાં નથી કહ્યું?

બસ એ જ કે, મને સ્ક્રીન પર જોઈને ડરતા નહીં! હું રિયલ લાઈફમાં ખૂબ જ શાંતિપ્રિય માણસ છું. જો રસ્તામાં મળો તો ગન નથી જોઈતી, ફક્ત એક કડક ચાય અને તમારો પ્રેમ આપશો તો પણ ચાલશે!

### 'રીલ્સ બનાવવી' કે 'એક્ટિંગ કરવી'–આ બેમાંથી કયું અઘરું છે?

100% રીલ્સ બનાવવી! ફિલ્મમાં તો ડિરેક્ટર 'કટ' બોલે એટલે આપણે આરામ કરી શકીએ. પણ ટ્રેન્ડિંગ મ્યુઝિક પર 15 સેકન્ડમાં ડાન્સ કરવો, મોઢું બગાડવું અને લોકોને એન્ટરટેઈન કરવા–એ મારા માટે મિર્ઝાપુરની ગાદી મેળવવા કરતાં પણ વધુ અઘરું કામ છે!

### શું તને ડર લાગે છે કે લોકો તમને ટાઇપકાસ્ટ કરી દેશે?

ડર કરતાં વધારે ઉત્સુકતા છે. ટાઈપકાસ્ટ થવું સરળ છે, કારણ કે સફળ ફોર્મ્યુલા ફરી-ફરી વાપરવાની લાલચ રહે છે. પરંતુ મને એ રસ્તો પસંદ નથી. હું એવું કામ કરવા માગું છું જ્યાં દર્શકને લાગે કે 'આ માણસને આપણે underestimate કર્યો હતો.

### દિવ્યેન્દુ અને મુન્ના વચ્ચે કેટલો તફાવત છે?

ખૂબ મોટો! મુન્ના કદાચ કોઈ વાતનો જવાબ ગોળીથી આપે હું વાતચીતથી કામ ચલાવું છું!

**મુન્ના ભલે ગોળીઓ અને ગુસ્સાથી દુનિયા જીતવા નીકળ્યો હોય, પરંતુ દિવ્યેન્દુ પોતાની એક્ટિંગથી અલગ-અલગ દુનિયા જીતવા માંગે છે**

# કનિકાની મજાક ઉડાવવી સલમાન ખાનને પડી ભારે?



TVનો સૌથી લોકપ્રિય અને વિવાદિત શો 'બિગ બોસ 20' હાલ દર્શકોમાં જબરદસ્ત ચર્ચામાં છે. આ સીઝન માત્ર સ્પર્ધકો વચ્ચેના ઝઘડા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ આ વખતે બિગ બોસનો અનોખો કોન્સેપ્ટ અને હોસ્ટ સલમાન ખાન સાથે જોડાયેલા વિવાદોએ શોનો પારો ખૂબ ઊંચો લાવી દીધો છે.

સલમાન 'બિગ બોસ 20' ના 'વીકેન્ડ કા વાર' માં ડીપફેક વીડિયોઝ અને એક્ટ્રેસીસના બેકશોટ લેવાવાળા પાપારાઝીઓ સામે કડક વલણ અપનાવવા બદલ ખૂબ પ્રશંસા મેળવી રહ્યો હતો. સલમાનના આ બોલ્ડ સ્ટેન્ડને ફેન્સથી લઈને સેલેબ્સ સુધીના તમામ લોકોએ ભારે સપોર્ટ કર્યો હતો. પરંતુ, આ જ પ્રશંસા વચ્ચે અચાનક ભાઈજાન શોની જાણીતી કન્ટેસ્ટન્ટ કનિકા માનના ફેન્સના નિશાના પર આવી ગયા છે. સોશિયલ મીડિયા પર ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે અને લોકો સલમાનને 'પાખંડી' કહીને ટ્રોલ કરી રહ્યા છે.

સ્મોલ સ્ક્રીન

બિગ બોસ 20 માં કનિકા પોતાની ગેમ કરતા વધારે પોતાના અનોખા હાવભાવના કારણે ચર્ચામાં બનેલી છે. સલમાન વીકેન્ડ કા વારમાં કનિકાની આ સ્ટાઇલની નકલ સતત ઉતારતા નજરે પડે છે. જોકે, શોમાં આ વાત મસ્તી-મજાકમાં થતી હોય છે અને કનિકા પોતે પણ આ વાતનું ખોટું નથી લગાડતી, પરંતુ કનિકાના ફેન્સને સલમાનની આ હરકત જરાય પસંદ નથી આવી. સોશિયલ મીડિયા પર કનિકાના ચાહકોએ મોટી સંખ્યામાં સલમાન સામે અવાજ ઉઠાવ્યો છે. લોકોનું કહેવું છે કે, સલમાને કેટરીના કૈફના સપોર્ટમાં અવાજ

**સોશિયલ મીડિયા પર ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે અને લોકો સલમાનને 'પાખંડી' કહીને ટ્રોલ કરી રહ્યા છે**

ઉઠાવ્યો હતો જ્યારે તે પોતાના વધતા વજન માટે ટ્રોલ થઈ રહી હતી અને હવે ખુદ સલમાન જ નેશનલ ટીવી પર કનિકાની આ રીતે મજાક ઉડાવી રહ્યો છે.

સલમાનને ટ્રોલ કરતા એક સોશિયલ મીડિયા યુઝરે લખ્યું, 'સલમાન કનિકાને ટ્રોલ કરી શકે છે પરંતુ બીજા કેટરીનાને ટ્રોલ ન કરી શકે. આ સૌથી મોટો પાખંડ છે.' આ સિવાય પણ અનેક નેટિઝન્સ સલમાનના આ બેવડા વલણથી નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

સામાન્ય રીતે દર સીઝનમાં બિગ બોસ પોતાના આદેશોથી ઘરવાળાઓને નચાવતા હોય છે, પરંતુ આ વખતે ઘરની અંદર લાવવામાં આવેલી 'લાઈફલાઈન' અને 'લાઈવ્સ' જેવી નવી સિસ્ટમે રમતમાં એક નવો જ રસપ્રદ વળાંક આપ્યો છે.

આ નવી થીમ અંતર્ગત સ્પર્ધકોની નાની-મોટી ભૂલો પર તેમને સીધા ઘરની બહાર કરવાને બદલે તેમની 'લાઈફ' કાપવામાં આવે છે. આ જ કારણે સ્પર્ધકોમાં સતત એવો ડર રહે છે કે ક્યારે કોની લાઈવ્સ પૂરી થઈ જશે અને રમતમાં રહેલો સસ્પેન્સ પળવારમાં પૂરો થઈ જશે. અનિશ્ચિતતાઓથી ભરેલી આ સિસ્ટમે દરેક સ્પર્ધકને દરેક પગલે સાવચેત રહેવા મજબૂર કરી દીધા છે.

ઘરમાં નોમિનેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેણે ઘરવાળાઓના મુખૌટા ઉતારી દીધા.

જૂની દોસ્તી અને સમીકરણોને બાજુ પર મૂકીને સ્પર્ધકોએ એકબીજા પર તીખા પ્રહારો કર્યા.

પોતાની 'લાઈફ' બચાવવા માટે સ્પર્ધકોએ અન્ય ખેલાડીઓને નોમિનેટ કરતી વખતે આપેલા કારણોએ ઘરમાં મોટો હંગામો મચાવી દીધો છે.

રસોડાના કામકાજ, ટાસ્ક દરમિયાન બતાવેલી બેદરકારી અને વ્યક્તિગત તકરારને આધારે થયેલા આ નોમિનેશન બાદ ઘરમાં બે સ્પષ્ટ જૂથો આમને-સામને આવી ગયા છે. આ નોમિનેશને આવનારા એપિસોડ્સમાં યુદ્ધ જેવા માહોલના એંધાણ આપી દીધા છે.

એક તરફ 'તથાસ્તુ' થીમ અને નોમિનેશનના ડ્રામાથી ઘરમાં ગરમાવો વધી રહ્યો છે, તો બીજી તરફ બહાર સલમાન ખાન અને ટ્રોલર્સ વચ્ચેનો આ વિવાદ 'બિગ બોસ 20' ને TRPના ચાર્ટમાં ટોપ પર રાખવામાં પૂરો મસાલો પૂરો પાડી રહ્યો છે!

# ઢિંડોરા બાજે રે...

ભુવન બામનું નામ આવે એટલે એક વાત નક્કી–કોમેડી, મસ્તી અને એક જ માણસના અનેક અવતાર! હવે ભુવન ફરી પોતાના લોકપ્રિય શો 'ઢિંડોરા'નું બીજું ઢિંડોરું વગાડવા તૈયાર છે. ખાસ વાત એ છે કે 'ઢિંડોરા 2' હવે માત્ર YouTube પૂરતું નહીં રહે, પરંતુ Netflix પર આવશે. એટલે આ વખતે ભુવનની મસ્તીનું સ્કેલ પણ મોટું અને પ્લેટફોર્મ પણ મોટું!

2021માં 'ઢિંડોરા'ની પહેલી સીઝન આવી ત્યારે ભુવન બામે એક જ શોમાં અનેક પાત્રો ભજવીને દર્શકોને ચોંકાવી દીધા હતા. પોતાના BB Ki Vinesના જાણીતા પાત્રોને એક જ વાર્તાની દુનિયામાં ભેગાં કરવાનો આ પ્રયોગ દર્શકોને ખૂબ પસંદ આવ્યો હતો. હવે બીજી સીઝનમાં પણ ભુવનનો આ 'વન મેન આર્મી'વાળો અંદાજ ચાલુ રહેવાનો છે. રિપોર્ટ્સ અનુસાર આ વખતે પણ તે 9થી 10 અલગ-અલગ પાત્રો ભજવવાનો છે.

હવે કલ્પના કરો કે એક જ સેટ પર ભુવન ક્યારેક એક પાત્ર બનીને આવે, પછી ગેટઅપ બદલીને બીજું પાત્ર બને અને પછી ત્રીજા અવતારમાં કેમેરા સામે ઊભો રહે! એક જ કલાકારે એકબીજા સાથે વાત કરતાં અનેક પાત્રો ભજવવાના હોય ત્યારે માત્ર ડાયલોગ યાદ રાખવાથી કામ ચાલતું નથી. દરેક પાત્રની બોડી લેંગ્વેજ, અવાજ, બોલવાની સ્ટાઈલ અને હાવભાવ અલગ રાખવાના હોય છે. એટલે ભુવન માટે આ વખતે પણ એક પાત્રમાંથી બીજા પાત્રમાં જવાની કસરત ઓછી નહીં હોય.




**હવે કલ્પના કરો કે એક જ સેટ પર ભુવન ક્યારેક એક પાત્ર બનીને આવે, પછી ગેટઅપ બદલીને બીજું પાત્ર બને અને પછી ત્રીજા અવતારમાં કેમેરા સામે ઊભો રહે!**




Titu Mama પોતાના પરિવારને એવી દુનિયામાં ખેંચી જાય છે જ્યાં ગર્વ, ગભરાટ અને ખોટા નિર્ણયો સતત નવી મુશ્કેલીઓ ઊભી કરે છે. એટલે પહેલી સીઝનની જેમ આ વખતે પણ પરિવારની હાલત એવી બનવાની છે કે દર્શકોને હસવાનું કારણ મળતું રહેશે.

આ વખતે 'ઢિંડોરા'નું વિશ્વ પણ વિસ્તરવાનું છે. નવા પાત્રો અને નવા કલાકારોની એન્ટ્રી થવાની છે. એટલે જૂની ટીમની મસ્તી સાથે નવા ચહેરાઓનો તડકો પણ જોવા મળશે.

અને હા, ફેન્સ માટે એક નાની રાહ પણ છે. હાલ Netflixએ ચોક્કસ રિલીઝ ડેટ જાહેર કરી નથી. સત્તાવાર રીતે સિરીઝ 2026માં આવવાની છે, એટલે વર્ષ પૂરું થાય એ પહેલાં Titu Mamaની નવી ધમાલ જોવા મળવાની આશા છે.

'ઢિંડોરા 2'નું શૂટિંગ મે 2026માં પંજાબથી શરૂ થયું હતું. ત્યારબાદ દિલ્હી અને મુંબઈમાં પણ શૂટિંગ શેડ્યૂલ રાખવામાં આવ્યા હતા. એટલે આ વખતે શોનું કેન્વાસ પહેલી સીઝન કરતાં મોટું રાખવામાં આવ્યું છે.

અપકમિંગ

ભુવન આ સિરીઝમાં માત્ર અભિનેતા નથી. તે લેખન અને નિર્માણની પ્રક્રિયામાં પણ સક્રિય રીતે જોડાયેલો છે. ભુવન બામ, અબ્બાસ દલાલ, હુસૈન દલાલ, ચેતન ડાંગે, ગોપાલ દત્ત, શુભમ દુબે અને અનંત દુબેએ મળીને લેખન કર્યું છે, જ્યારે ભુવન બામ અને રોહિત રાજ નિર્માતા છે.

હવે બસ Netflix તરફથી રિલીઝ ડેટનું ઢિંડોરું વાગવાની રાહ છે!